નવી બાબત ૨૦૧૯-૨૦

સરકારી કન્યા છાત્રાલય, પોરબંદરના મકાન બાંધકામની સુધારેલી વહીવટી મંજૂરી આપવા બાબત

રૂ.૫,૫૯,૩૮,૬૦૦/-

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: છતલ/૧૦૨૦૧૯/૨૫૨૭૪૫-ન.બા.૫૦/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૦/૦૨/૨૦૨૦

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૧૦/૨૦૧૯નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૩૧/૧૨/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૧૯-૨૦/૧૧૪૨૫

ઠ રા વ:

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના તા.૧૭/૧૦/૧૯ના ઠરાવથી સરકારી કન્યા છાત્રાલય, પોરબંદરના છાત્રાલયના અને સ્ટાફ કવાર્ટરના બાંધકામ માટે રૂ.૬૦૦.૦૦ લાખની તથા વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબ પ્રથમ વર્ષે ૩૩% પ્રમાણે રૂ.૨૦૦.૦૦ લાખની નવી બાબતને માર્ગ અને મકાન વિભાગ પાસેથી બ્લોક એસ્ટીમેટ તથા નક્શા અંદાજો મળ્યેથી રજૂ કરવાની શરતે તથા અન્ય શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૩૧/૧૨/૨૦૧૯ના પત્રથી સદરહુ છાત્રાલયના મકાન બાંધકામના નક્શા અને અંદાજો રજૂ કરી સુધારેલી વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સરકારી કન્યા છાત્રાલય, પોરબંદરના છાત્રાલયના અને સ્ટાફ કવાર્ટરના બાંધકામ માટે રજૂ કરેલ નક્શા અંદાજો મુજબ રૂ.૫,૫૯,૩૮,૬૦૦/-ની (અંકે રૂપિયા પાંચ કરોડ ઓગણસાઈઠ લાખ આડત્રીસ હજાર છસો પુરા) વિભાગના તા.૧૭/૧૦/૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવની શરતોને આધીન આથી સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૮/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડો.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦